# ગુડા વિસ્તારમાં વિકાસ અને માળખાગત સુવિધા માટે ૬૦૨ કરોડનુ અંદાજપત્ર

**વર્ષ ૨૦૨૨ -૨૩ ના બજેટને બોર્ડ બેઠકમાં મંજુરી : ખર્ચની સામે ૮૦૨ કરોડની આવકનો અંદાજ ગુડા વિસ્તારમાં માર્ગ નિર્માણ, આવાસ યોજના તેમજ પાણી ગટર વ્યવસ્થાપન સહીત ગ્રામ વિકાસના કામો માટે બજેટમાં વિશેષ જોગવાઇ**

ગાંધીનગર તા ૧૭

ગુડાની આજે મળેલી બજેટ બેઠકમાં ગુડા વિસ્તારના વિકાસ અને માળખાગત સુવિધાના કામોને અંજામ આપવા માટે વર્ષ ૨૦૨૨-૨૩ને અનુલક્ષીને રૂ ૬૦૨.૧૭ કરોડના ખર્ચનો અંદાજ રજુ કરાયો હતો. જયારે બજેટની સામે ગુડાને થતી આવકનો અંદાજ રૂ ૮૦૨ કરોડનો છે. ગુડા દ્વારા બજેટમાં પાણી ,ગટર અને રસ્તાના કામો સહીત ગુડા વિસ્તારમાં નવા આવાસો બાંધવા માટે પણ ખર્ચની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત સ્ટ્રીટ લાઇટના કામોનો પણ સમાવેશ કરાયો છે. ગુડા દ્વારા સ્પોર્ટસ કોમ્પલેક્ષ અને નોલેજ હબ પણ વિકસાવાશે.

ગુડાના ચેરમેન ધવલ પટેલ સહીત અન્ય અધિકારીઓની હાજરીમાં ગુડાની બજેટ બેઠકમાં મહત્વના નિર્ણયો લેવાયા હતા. જેમાં નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ ને અનુલક્ષી રૂ ૬૦૨ . ૧૭ કરોડના બજેટના મંજુરી આપવામાં આવી હતી. જયારે વર્ષ દરમિયાન રૂ ૮૦૨ .૮૨ કરોડની આવક પણ અંદાજવામાં આવી છે. ગુડાના બજેટ અંદાજમાં દર્શાવ્યા મુજબ વર્ષના અંતે પુરાંત રકમ રૂ ૬૭૬.૩૮ કરોડની રહેશે. જયારે મુડી આવક પેટે રૂ ૨૦૩.૨૨ કરોડ , મિલ્કત વેચાણ પેટે રૂ ૫૦૨ કરોડ ઉપરાંત અનુદાન લોન અને ડિપોઝીટ પેટે રૂ ૭૪.૫૫ કરોડ તેમજ મહેસુલી આવક રૂ ૨૩.૦૬ કરોડ તેમ કુલ મળીને રૂ ૮૦૨.૮૨ કરોડની આવકનો અંદાજ પણ બજેટમાં રજુ કરાયો છે. જયારે આવકની જેમ ખર્ચના અંદાજા અન્વયે પણ મુડી ખર્ચ રૂ ૫૯૬.૩૬ કરોડ , મહેસુલી ખર્ચ ૫.૮૧ કરોડ એમ કુલ ૬૦૨.૧૭ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. ગુડાના બજેટમાં રજુ કરાયેલા ખર્ચના અંદાજમાં ગુડાના જુદા જુદા વિસ્તારમાં ભુગર્ભે ગટર વ્યવસ્થા માટે રૂ ૭૮ કરોડ અને સ્ટોર્મ વોટર ડ્રેનેજ પાછળ રૂ ૩૭.૪૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત ગુડા વિસ્તારમાં રહીશોને પીવાનુ શુધ્ધ પાણી મળી રહે તે માટે રૂ ૫૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જયારે માળખાગત સુવિધાના કામોને વેગ આપવા ગુડાના વિવિધ વિસ્તારમાં માર્ગ સુધારણા અને નિર્માણની કામગીરીને ધ્યાનમાં રાખીને રૂ ૪૦ કરોડની બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે. ગુડા વિસ્તારમાં માર્ગ નિર્માણ તેમજ પાણી ગટરના કામો સહીત આર્થિક રીતે નબળા વર્ગના પરિવારો માટે આવાસો પણ બાંધવામાં આવી રહ્યા છે. ઈ ડબલ્યુ એસ ની આવાસ યોજના અન્વયે પી પી - ૯ અને ૧૩ માં આવાસના કામ માટે રૂ ૧૫૦ કરોડના ખર્ચની જોગવાઈ કરવામાં આવી છે. જયારે હાલ ટી પી ૭, ૧૬, અને ટી પી ૧૩ ની ચાલુ આવાસ યોજના સહીત કુલ ચાર આવાસ યોજના માટે રૂ ૮૩.૧૦ કરોડના ખર્ચની જોગવાઈ કરાઈ છે. ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળના જુદા જુદા વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટોનુ કામ હાથ ધરવા માટે પણ રૂ ૪ કરોડનો ખર્ચ કરવામાં આવશે. ગુડાના ગામોમાં પણ વિકાસ તેજ બને તે માટે ગુડાની નવી ગ્રામ વિકાસ સદભાવના યોજના અન્વયે પણ રૂ ૫૦ કરોડના ખર્ચની જોગવાઈ કરવામાં આવી છે. જેથી ગુડાના ગ્રામ્ય વિસ્તારમાં પણ વિવિધ કામો હાથ ધરવામાં સરળતા રહેશે. આ ઉપરાંત ગુડાના જુદા

● અનુસંધાન પાન-૬ પર

## ગુડા વિસ્તારમાં અંધારુ ઉલેચવા સ્ટ્રીટ લાઈટના ૧ હજાર પોલ્સ નાંખવામાં આવશે

ગુડા વિસ્તારમાં માળખાગત સુવિધાના કામોને વેગ મળે તે મુજબ બજેટમાં આયોજન કરવામાં આવ્યુ છે. ગુડા વિસ્તારમાં રાત્રિના સમયે અંધકારના લીધે નાગરિકોને હાલાકી ન વેઠવી પડે તેમજ અકસ્માત ન થાય તે માટે બજેટમાં સ્ટ્રીટ લાઇટના કામો હાથ ધરવા માટે પણ આયેજન કરાયુ છે. જેમાં જરૂર મુજબ જરૂરિયાત હોય તેવા માર્ગોને અનુલક્ષી ૧ હજાર જેટલા વીજ થાંભલા નાંખવામાં આવશે જેની પાછળ અંદાજિત રૂ ૫.૫૫ કરોડનો ખર્ચ કરાશે જયારે આજે મળેલી બેઠક દરમિયાન આ કામગીરીને અનુલક્ષી ઈટેન્ડરીંગ કરવા માટે પણ નિર્ણય લેવાયો છે. ગુડા વિસ્તારમાં રસ્તાના કામો હાથ ધરવામાં આવી રહ્યા છે. ત્યારે વિવિધ ટી પી વિસ્તાર અને ગામોમાં સ્ટ્રીટ લાઇટના પોલ્સ લગાવાની પણ અનિવાર્યતા છે જેને ધ્યાનમાં રાખી માર્ગ નિર્માણની સાથે સ્ટ્રીટ લાઇટના કામોનુ પણ આયોજન કરવામાં આવ્યુ છેત્

## રાયસણમાં વિદ્યાર્થીઓના હીત માટે નોલેજ હબ બનશે

ગુડાની નગર રચના નં -૧૯ રાયસણ ખાતે નોલેઝ હબ બનાવાની કાર્યયોજનાને પણ બજેટમાં સમાવી લેવામાં આવી છે. વિદ્યાર્થીઓને સાનુકુળ વાતાવરણ અને સુવિધા મળી રહે તેમજ વિષય તજજ્ઞો અને વિદ્યાર્થીઓ વચ્ચેનો સેતુ મજબુત બને તે માટે નોલેજ હબ બનાવાનુ આયોજન કરાયુ છે. આ વિસ્તારમાં નોલેજ હબ બનવાથી આધ્યાપકો અને વિદ્યાર્થીઓ વચ્ચે મિત્રભાવ કેળવાશે. જુદી જુદી સંસ્થાઓ વચ્ચે જ્ઞાન અને સંસ્કૃતિનો સમન્વય થવાથી નોલેજ હબ તંદુરસ્ત સમાજ જીવનની રચના માટે મહત્વનુ બની રહેશે. જયારે નોલેજ હબના નિર્માણ માટે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા અર્બન લેબ કન્સલટન્ટની નિમણુંક કરી દેવામાં આવી છે. જેના નકશા અંદાજો પણ તૈયાર કરી દેવાયા છે. નોલેજ હબના લીધે રાયસણ સ્થિત વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચે વધુ નિકટતા કેળવાશે જે વિદ્યાર્થીઓના હીત માટે ઉપયોગી અને મહત્વનુ પુરવાર થશે.

## ગુડા ઓલિમ્પિક ગેમ્સ યોજી શકાય તેવા સ્પોર્ટસ સંકુલનુ નિર્માણ કરશે

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા સ્ટેટ ઓફ આર્ટ કક્ષાનુ સ્પોર્ટસ સંકુલ બાંધવામાં આવશે. ૨૬૪૪૯ ચોરસ મીટર વિસ્તારમાં સંકુલનુ નિર્માણ કરવા માટે ગુડાએ તૈયારીઓ શરૂ કરી દીધી છે. ત્યારે વૈશ્વિક કક્ષાના અને ઓલમ્પિક ગેમ્સનુ પણ આયોજન થઈ શકે તેવા સંકુલના નિર્માણ માટે ગુડાના અધિકારીઓ સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા અને સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતના અધિકારીઓ સાથે પણ પરામર્શ કરી રહ્યા છે. આ ઉપરાંત ઔડાના અધિકારીઓ સાથે પણ ચર્ચા કરી માર્ગદર્શન મેળવવામાં આવી રહ્યુ છે. ગાંધીનગરના રમત ગમત સંકુલ માટે જે ડિઝાઈન વિચારવામાં આવી છે તેમાં ગ્રાઉન્ડ ફલોર અને પ્રથમ મજલાની સાથે બેઝમેન્ટ સહીત ૧૮૧૭૧ ચોરસ મીટરનુ બાંધકામ કરવાની વિચારણા કરવામાં આવી છે. જયારે ઈન્ડોર ગેમ્સમાં ઓલમ્પિક કક્ષાના સ્વીમીંગ પુલ કવર્ડ સ્વીમીંગ પુલ પણ બનશે જયારે આ સંકુલમાં કોઈપણ સિઝનમાં રમતો યોજી શકાશે. સ્પોર્ટસ સંકુલમાં બેડમિન્ટન કાર્ટસ, ટેબલ ટેનિસ કાર્ટસ, સ્કેટીંગ, કરાટે , જુડો ગેમ્સ માટેની કાર્ટેસ, સ્કવોશ તેમજ જીમ્નેશિયમ , યોગા એરોબિક્સ, તેમજ ફલોર એક્સરસાઈઝ સહીત શુટીંગ ગેમ્સ પણ યોજી શકાશે. આ ઉપરાંત આઉટડોર ગેમ્સ માટે વોલીબોલ, બાશ્કેટ બોલની રમત પણ થશે. જેના માટે બે કાર્ટેસ લાઈબ્રેરી , કાફેટેરીયા તેમજ મલ્ટીપર્પસ હોલ સહીતની વ્યવસ્થાઓનુ પણ આયોજન કરવામાં આવશે. ગુડાના અધિકારીઓએ આ અંગે જણાંવ્યુ હતુ કે પ્રત્યેક ગેમ્સની કોર્ટમાં પ્રેક્ષક ગેલેરી પણ તૈયાર કરાશે. ગુડાના બજેટમાં સ્પોર્ટસ કોમ્પલેક્ષ અને પ્લે ગ્રાઉન્ડ તૈયાર કરવા માટે રૂ ૨૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

# ગાંધીનગર કરફ્યુ મુક્ત

**ગાંધીનગર શહેર સહિત છ મહાનગરોમાંથી રાત્રિ કરફ્યુ હટાવાયો : તમામ નિયંત્રણો હળવા કરાયા**

ગાંધીનગર, તા. ૧૭

રાજ્ય સરકારે કોરોનાનું સંક્રમણ હળવુ થતાં ગાંધીનગર શહેર સહિત છ મહાનગરોમાંથી રાત્રિ કરફ્યુ હટાવી લીધો છે.

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં મળેલ કોર કમિટીની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. પ્રવર્તમાન સ્થિતિમાં કોવિડ એપ્રોપીએટ બિહેવિયર અને તકેદારી સાથે કેટલાક નિયંત્રણો હળવા કરવાનો તેમજ કોરોના ગાઈડલાઈનના નિયમોમાં કેટલીક વધુ છુટછાટ આપવાનો નિર્ણય આ બેઠકમાં લેવામાં આવ્યો છે.

અમદાવાદ અને વડોદરામાં રાત્રિ કરફ્યુ તા. ૧૮ ફેબ્રુ.થી ૨૫ ફેબ્રુ. દરમ્યાન દરરોજ રાત્રે ૧૨ થી સવારના ૫ સુધી જ અમલમાં રહેશે.

રાજ્યમાં યોજાતા સામાજિક રાજકીય ધાર્મિક મેળાવડાઓ અને લગ્ન પ્રસંગોમાં ખુલ્લી જગ્યામાં આવા પ્રસંગો યોજાય ત્યારે જગ્યાની કુલ ક્ષમતાના ૭૫ ટકા અને બંધ જગ્યાએ યોજાય ત્યારે કુલ ક્ષમતાના ૫૦ ટકા વ્યક્તીઓની મર્યાદામાં યોજી શકાશે. લગ્નસમારોહ માટે હવે ડીજીટલ ગુજરાત પોર્ટલ પર નોંધણી કરાવવાની રહેશે નહિ.

કોર કમિટીની આજની બેઠકમાં સ્કૂલ અને કોલેજો સંપૂર્ણ રીતે ઓફલાઈન શરૂ કરવાનો નિર્ણય લીધો છે. દુકાનો, કોમર્શિયલ સંસ્થાઓ, લારી-ગલ્લા, શોપીંગ કોમ્પલેક્સ, માર્કેટીંગ યાર્ડ, સાપ્તાહિક ગુજરી બજાર, હાટ, હેરકટિંગ શોપ, સ્પા-સલૂન-બ્યુટી પાર્લર વ્યાપારિક ગતિવિધિઓ રાત્રે ૧૧ વાગ્યા સુધી ચાલુ રાખી શકાશે.

હોટલ રેસ્ટોરન્ટ બેઠક ક્ષમતાના ૭૫ ટકા સુધી રાત્રિના ૧૧ વાગ્યા સુધી ખુલ્લી રાખી શકાશે. રાજકીય ધાર્મિક શૈક્ષણિક જાહેર કાર્યક્રમો ખુલ્લી જગ્યામાં ક્ષમતાના ૭૫ ટકા લોકોની મર્યાદામાં યોજી શકાશે.

જિમ-સિનેમા-વૉટરપાર્ક, લાયબ્રેરી બેઠક ક્ષમતાના ૫૦ ટકા લોકોને જ મંજૂરી આપી શકાશે.

સ્મશાનયાત્રા કે અંતિમવિધિને લગતા પ્રસંગોમાં મહત્તમ ૧૦૦ લોકો ઉપસ્થિત રહી શકશે.

જાહેર બાગ-બગીચા રાત્રે ૧૦ વાગ્યા સુધી ખુલ્લા રહી શકશે. સલામત સામાજિક અંતર અને માસ્ક અનિવાર્ય રહેશે.




દોરડા પર ચાલતી આ બાળા રસ્તા પર જાતભાતના કરતબ દેખાડી પોતાનુ અને પરિવારનું પેટ ભરે છે. પરંતુ સુક્ષ્મરૂપે તે આપણને જીવનના અદ્ભૂત પાઠ ભણાવે છે. આપણું જીવન હવામાં અધ્ધર લટકતા દોરડાં જેવુ છે. જરાક પગ લપસે તો સીધા જ ભોંય ભેગા થઈ જવાય. સીધી લીટી જેવા આ જીવનરૂપી દોરડાં પર બેલેન્સ રાખીને ચાલતા શીખી જાય એ ભવસાગર તરી જાય... જીવનના કડવા-મીઠા અનુભવો જીવનરૂપી દોરડા પર ચાલતા શીખવી જ દે છે. જેટલી જલ્દી શીખી જઈએ તેટલા વધુ સુખી થવાય.

## આજે શિક્ષણ સમિતિને નવા ચેરમેન મળશે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિને આજે નવા ચેરમેન મળશે. નવા ચેરમેન તરીકે હંસાબેન પટેલ અને રાજેન્દ્રસિંહના નામો આગળ ચાલી રહ્યા છે. પક્ષ તરફથી મેન્ડેટ પણ બેઠક શરૂ થતાં પહેલાં જ આપવામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે.

શિક્ષણ સમિતિના ચેરમેન નાથુભાઈ પટેલનું દુઃખદ અવસાન થતાં આ જગ્યા ખાલી પડી છે. આજે સવારે ૧૧.૩૦ વાગે સમિતિના સભ્યોની બેઠક મળશે અને તેમાં નવા ચેરમેનની નિયુક્તી કરવામાં આવશે. શિક્ષણ સમિતિની બેઠકના એજન્ડામાં પણ એક જ મુદ્દો નવા ચેરમેનની નિયુક્તીનો દર્શાવવામાં આવ્યો છે.

જિલ્લા શિક્ષણ સમિતિમાં નાથુભાઈની ખાલી પડેલી જગ્યા પર દહેગામના રાજેન્દ્રસિંહને મુકવામાં આવ્યા છે.

## શહેરમાં કોરોનાના નવા ૨૭ કેસ

**સારવાર દરમ્યાન કુડાસણની મહિલાનું મોત : શહેરનો મૃત્યુઆંક ૧૦ થયો : કુડાસણમાં ૩, રાયસણ-સરગાસણમાં ૨-૨ કેસ, સે. ૩ માં ૩, સે. ૮, ૨૯, ૧ માં ૨-૨ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૨૭ કેસ નોંધાયા છે. શહેરમાં કોરોનાનું સંક્રમણ ઘટી રહ્યુ છે અને પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનું તંત્રએ જણાવ્યુ છે. શહેરમાં આજે નોંધાયેલા કેસો સાથે કુલ કેસ ૯૮૦૦ને પાર થઈ ગયા છે.

ગાંધીનગર શહેરમાં આજે સારવાર દરમ્યાન એક દર્દીનું મોત થયુ છે. આ સાથે શહેરમાં કોરોનાની ત્રીજી લ્હેરમાં સારવાર દરમ્યાન મોત પામનાર દર્દીઓની સંખ્યા ૧૦ થઈ છે.

મળતી વિગતો પ્રમાણે કુડાસણની એક મહિલા દર્દી જે સારવાર દરમ્યાન ખાનગી હોસ્પિટલમાં મરણ પામેલ છે. આ મહિલા દર્દી કોરોના ઉપરાંત હાયપર ટેન્શનની પણ બિમારીથી પિડીત હોવાનું જાણવા મળેલ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૪ દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ ચારેય દર્દીઓની સ્થિતિ સ્થિર હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

શહેરમાં આજે નોંધાયેલ કેસોમાં ૧૧ મહિલા દર્દી છે જ્યારે ૮ દર્દી ૬૦ કે તેથી વધુ વય ધરાવતા છે. ૫ દર્દી ૧૧ થી ૨૦ વર્ષની વયના છે.

શહેરમાં મહિલાઓ અને વયસ્કો સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે. ત્રીજી લ્હેર દરમ્યાન કોરોનાનો માઈલ્ડ સિમ્ટમ્સ હોવાથી મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરી રહ્યા છે. તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી પણ અસરકારક રીતે થાય તે જોવા તાકીદ કરી છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તાર કુડાસણમાં ૩, રાયસણ અને સરગાસણમાં ૨-૨ કેસ મળી આવ્યા છે.આ ઉપરાંત ચરેડી, સુઘડ, ભાટ અને પાલજમાંથી પણ કેસ મળી આવેલ છે.

શહેરના સેક્ટરોમાં સે. ૩ માં ૩, સે. ૮, ૨૯ અને સે. ૧ માં ૨-૨ કેસ નોંધાયા છે. આ ઉપરાંત સે. ૫, ૧૩, ૧૯, ૨૪, ૨૬, ૨૭ માંથી પણ કેસ મળી આવેલ છે. શહેરમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે રિકવરી રેટ ૯૦ ટકાએ પહોંચ્યો છે. આજે પણ વધુ ૯૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

શહેરમાં આજે ૨૫૦ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

# આંગણવાડી કેન્દ્રો ભૂલકાંઓના કલશોરથી પુનઃ ગુંજી ઉઠ્યા

**સે. ૧૬ અને કલોલમાં તો કંકુ પગલાં કરાવી પ્રવેશ અપાયો : દહેગામ-માણસામાં ચોકલેટ, ફૂલ અને તિલક આપી પ્રવેશ અપાયો : પ્રથમ દિવસે જ ૧૨,૯૬૯ બાળકોએ આંગણવાડી કેન્દ્રોમાં હાજરી આપી**




ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેર અને જિલ્લામાં આજે પ્રિ.પ્રાયમરી અને આંગણવાડી કેન્દ્રો ભૂલકાઓના કેકારવ સાથે બે વર્ષ બાદ ગુંજતા થયા છે.

ગાંધીનગર શહેર અને જિલ્લામાં આવેલ એક હજારથી વધુ આંગણવાડી કેન્દ્રોમાં ૧૨,૯૬૯ જેટલા બાળકોએ હાજરી આપી હતી જેમની વય ૩ થી ૬ વર્ષની છે.

શહેરમાં આજે કેટલાક ભૂલકાંઓ હોંશે હોંશે કેન્દ્રો પર આવ્યા હતા તો ક્યાંક ભૂલકાંઓ મા-બાપની આંગણી છોડવા તૈયાર ન હતા અને રડતા પણ નજરે પડ્યા હતા. કેટલીક આંગણવાડીઓમાં બાળગીતો અને બાળ રમતોની ખુશીમાં બાળકો ખોવાયેલા જોવા મળ્યા હતા.

આજે કોરોનાની મહામારીના બે વર્ષ પછી ખૂલેલા આ આંગણવાડી કેન્દ્રોમાં બાળકોના કંકુ પગલાં કરાવી પ્રવેશ અપાયો હતો તો કેટલાક કેન્દ્રોમાં બાળકોને ચોકલેટ અને નાસ્તો આપી પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. આ કેન્દ્રો પ્રાર્થના ગાનના અવાજથી પણ ગુંજી ઉઠ્યા હતા.

ગાંધીનગર સે. ૧૬ માં તો નાના ભૂલકાંઓને તિલક અને કંકુ-પગલાં સાથે પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. કલોલના કેન્દ્રોમાં પણ આવી જ રીતે પ્રવેશ આપવામાં આવ્યો હતો. દહેગામ-માણસામાં ચોકલેટ, ફૂલ આપી પ્રવેશ આપવામાં આવ્યો હતો.

બીજી તરફ રાજ્ય સરકારે સોમવારથી તમામ શૈક્ષણિક સંકુલોમાં ઓફલાઈન શિક્ષણનો પ્રારંભ થઈ જશે તેવી જાહેરાત કરી છે.

પ્રાયમરી શાળાઓમાં હજુ પણ વિદ્યાર્થીઓની હાજરી ૫૦ ટકા જેટલી જ થઈ રહી છે. જો કે હવે સોમવાર પછી હાજરી વધશે તેમ મનાઈ રહ્યુ છે.

# ગાંધીનગરમાં પુનઃ ઠંડીનો ચમકારો : પારો ૪ ડિગ્રી ગગડ્યો

ગાંધીનગર, તા. ૧૭

એકાદ-બે દિવસ ઠંડી ગાયબ રહ્યા બાદ ગાંધીનગરમાં પુનઃ ઠંડીનો ચમકારો અનુભવાયો છે. એક જ દિવસમાં લઘુત્તમ તાપમાન ચાર ડિગ્રી જેટલુ ગગડતા ઠંડી અનુભવાઈ હતી.

છેલ્લા કેટલાક દિવસોથી વાતાવરણમાં ઘણો ફેરફાર આવ્યો છે. લઘુત્તમ તાપમાન ઉંચકાતા ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. ગરમ વસ્ત્રોની જરૂરીયાત હવે રહી નથી. ખાસ કરીને દિવસ દરમ્યાન જે ગરમ વસ્ત્રો પહેરવા પડતા હતા તેમાંથી મુક્તિ મળી છે. વહેલી સવારે અને સાંજે થોડીક ઠંડી અનુભવાય છે. છેલ્લા ત્રણ દિવસથી લઘુત્તમ અને મહત્તમ તાપમાન સતત વધી રહ્યુ હતુ. ગઈકાલે લઘુત્તમ તાપમાન ૧૫.૮ ડિ.સે. નોંધાતા ગરમીનો અહેસાસ થતો હતો પરંતુ આજે પુનઃ લઘુત્તમ તાપમાન ૪ ડિગ્રી જેટલુ ગગડીને ૧૧.૮ ડિ.સે. નોંધાયુ હતુ. જેના કારણે વહેલી સવારે અને સાંજે ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. જો કે મહત્તમ તાપમાનમાં કોઈ ખાસ વધારો ઘટાડો નોંધાયો ન હતો. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૬૫ ટકા અને સાંજે ૩૧ ટકા નોંધાયુ હતુ.


## કેપીટલ નર્સિંગ કોલેજ, મોટા ચિલોડા

**વર્ષ : ૨૦૨૧-૨૨ માટે એડમિશન ઓપન**

INC/GNC અને ગુજરાત સરકાર માન્ય તથા ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદ સંલગ્ન

| કોર્ષ | મુદત |
| --- | --- |
| B.Sc. Nursing | ૪ વર્ષ |
| GNM Nursing | ૩ વર્ષ |

● જે વિદ્યાર્થીએ પ્રવેશ કમિટીનું ફોર્મ ભરેલ હોય કે ના ભરેલ હોય તેવા વિદ્યાર્થીઓને પણ સીધો પ્રવેશ મેળવી શકશે.
● સરકારશ્રી તરફથી નિયમ અનુસાર શિષ્યવૃત્તિ મળવાપાત્ર રહેશે તેમજ ફીશીપ કાર્ડ માન્ય ગણવામાં આવશે.

સરનામું : કેપિટલ નર્સિંગ કોલેજ, ઓમ લેન્ડમાર્ક સ્કુલ અને સવિતાબા ઓમ રાવલ હોસ્પિટલની બાજુમાં, મોટા ચિલોડા, ગાંધીનગર
Phone No. : 72111 49025, 97277 64812


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com